NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**ફંડિંગ એજન્સીને UTC અને AUC આપવા બાબત.**

આથી સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટીની અગત્યની મુખ્ય કામગીરી જેવી કે, સંશોધન, શિક્ષણ અને વિસ્તરણ શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓના હેતુ સિદ્ધ કરવા માટે રાજ્ય અને ભારત સરકારશ્રી તેમજ અન્ય ફંડિંગ એજન્સીઓને યુનિવર્સિટી દ્વારા બજેટ/જરૂરિયાતો રજૂ કરી જોગવાઈ મંજૂર કરાવવામાં આવે છે અને મંજુર થયેલ જોગવાઈ મુજબ યુનિવર્સિટીને અનુદાન ફાળવવામાં આવે છે. જે ગ્રાન્ટ/ફંડ સંબંધિત કચેરીને ફાળવી આપવામાં આવે છે. નાણાંકીય વર્ષ પૂર્ણ થતા જે તે યોજનાના AUC/UTC નિયત નમૂનામાં રાજ્ય અને ભારત સરકારશ્રી તેમજ ફંડીંગ એજન્સીને મોકલી આપવાનાં થાય છે.

અનુભવે ધ્યાનમાં આવેલ છે કે, સમયસર AUC/UTC ફંડીંગ એજન્સીને ન મળવાના કારણે નવા નાણાંકીય વર્ષમાં યુનિવર્સિટીને અનુદાન ફાળવવામાં આવતું નથી અને માઈનસ ગ્રાન્ટમાં ખર્ચ કરવાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. જેના કારણે બિનજરૂરી વહીવટી કાર્યવાહીઓમાં સ્ટેશનરી, સમય અને માનવબળનો વ્યય થતો જણાય છે. જેથી **નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬** માટે ***જે યોજનાઓમાં AUC/UTC ફંડીંગ એજન્સીને મોકલાવવાના થતા હોય એમણે નિયત નમૂનામાં રેકોર્ડ આધારિત માહિતીઓ ભરી અત્રેની કચેરીને તા. ૩૧/૦૮/૨૦૨૬ સુધીમાં અથવા ફંડીંગ એજન્સીની સુચના મુજબની સમયમર્યાદામાં અત્રેની કચેરીને રજુ કરી મેળવી લેવાના રહેશે***. AUC/UTC અત્રેની કચેરી દ્વારા ચકાસણી કરી પ્રમાણિત કરી આપ્યા બાદ જે તે કચેરીએથી ફંડીંગ એજન્સીને મોકલી આપવાના રહેશે, જેની જાણ અત્રેની કચેરીને ફક્ત ઈમેલ (comptroller@nau.in) દ્વારા કરવાની રહેશે.

**ઉપરોક્ત સમયમર્યાદા બાદ AUC/UTC આપવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવું.**

વધુમાં, ગ્રાન્ટ માંગણીની દરખાસ્ત/હાફ ડિમાન્ડ, માઈનસ ગ્રાન્ટમાં ખર્ચની દરખાસ્ત/પ્રમાણપત્ર તેમજ UTC/AUC ની દરખાસ્ત અત્રે રજુ કરતા પહેલા શિક્ષણની યોજનાઓ માટે કુલસચિવશ્રીની ભલામણ, સંશોધનની યોજનાઓ માટે સંશોધન નિયામકશ્રીની ભલામણ અને વિસ્તરણ શિક્ષણની યોજનાઓ માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની ભલામણ મેળવી રજૂઆત/દરખાસ્તો રજુ કરવાની રહેશે.

**હિસાબ નિયામક**

**જા.નં. નકૃયુ/હિનિ/બજેટ/૧૧૧૮/૨૦૨૬**
**નવસારી, તા. ૦૧/૦૪/૨૦૨૬**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના તમામ યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.